**નર્મદાનાં મહે.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની અદાલત સમક્ષ, મુ.રાજપીપળા.**

**રેગ્યુલર દિવાની મુકદમા નં. ૨૨૧/૨૦૨૩**

**:-વાદીની આંક-૫ ની દાવો ચાલતા દરમ્યાન વચગાળાનો મનાઈ હુકમ મળવાની અરજી લગત હુકમ-:**

(૧) આ કામે વાદીએ દાવા અરજી સાથે હાલની કામચલાઉ મનાઈહુકમ મળવાની અરજી દાખલ કરી મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,પ્રતિવાદીઓએ તેઓની કચેરીનાં પત્ર ક્રમાંક આઈ.સી.ડી.એસ./મકમ/ વશી ૧૫૫ થી ૧૫૮/૨૦૦૭ તા.૧૯/૦૨/૨૦૦૭ થી વાદી નં.૧ ને તેડઘર તરીકે નિમણુક બાબતેનો પત્ર પ્રતિવાદી નં.૩ નાં હુકમથી નિમણુક કરવામા આવેલ અને ત્યારબાદ પ્રતિવાદીઓએ વાદી નં.૧ ને પત્ર ક્રમાંક આઈ.સી.ડી.એસ. /મકમ/ વશી ૨૦૬ થી ૨૧૮/૨૦૦૯ તા.૧૭/૦૨/૨૦૦૯ નાં રોજ આંગણવાડી (કાર્યકર) તરીકેનો નિમણુકનો હુકમ પ્રતિવાદી નં.૩ ની સહી સીકકા સાથે કરવામા આવેલ હતો. જે મુજબ નાંદોદ તાલુકા હસ્તક ધીરખાડી-૨ આંગણવાડી કેન્દ્ર પર કાર્યકર (વર્કર) ની જગ્યા પર પોગ્રામ ઓફીસરશ્રી જીલ્લા પંચાયત નર્મદાએ બહાલી આપવાથી નિમણુક કરેલ હતી.

તેમજ વાદી નં.૨ ને પત્ર ક્રમાંક આઈ.સી.ડી.એસ./મકમ/ વશી ૧૧૯ થી ૧૨૧/૧૨ તા.૦૪/૦૫/૨૦૧૨ ના રોજ આંગણવાડી કેન્દ્ર ધીરખાડી-૨ તા.નાંદોદ જી.નર્મદા ને આંગણવાડી તેડાઘર તરીકે નિમણુકનો હુકમ પ્રતિવાદીની સહી તથા સીકકા સાથે કરવામા આવેલ છે અને ત્યારથી વાદી પ્રતિવાદીઓએ કરેલ નિમણુક પ્રમાણે નિષ્ઠાપૂર્વક સંતોષકારક રીતે ફરજ બજાવતા આવેલ હતા.

વાદી યોગ્ય રીતે ફરજ બજાવતા હોવા છતા પ્રતિવાદી તરફથી વાદીને ક્રમાંક આઈ.સી.ડી.એસ./મકમ/ વશી ૨૨૧ થી ૨૨૪/૨૦૨૩ તા.૦૧/૦૫/૨૦૨૩ ના રોજ આમુખ-૨ થી તદન ખોટી રીતે આંગણવાડી કેન્દ્ર વિઝિટ બુકમાં કાર્યકરનાં કાર્યો અને ફરજોમાં કોઈપણ પ્રકારની નબળી કામગીરી ન હોવા છતા ગામની ત્રાહિત વ્યકિતઓ

ની ખોટી રજુઆતનાં કારણે તથા તે અંગે કોઈપણ તપાસ કર્યા સીવાય વાદીને તા.૨૫/૧૧/૨૦૧૯ ના રોજથી સેવા સમાપ્તિનો હુકમ કરવામા આવેલ છે અને તે અંગે વાદીને કોઈપણ પ્રકારની રજુઆતની તક આપ્યા સીવાય એકતરફી નિર્ણય લઈને વાદીની જીંદગીને અસરકર્તા હુકમ કરેલ છે.

વધુમાં વાદીએ તેમની હાલની અરજીમાં એવી હકીકત જણાવેલ છે કે તા.૧/૫/૨૩ ના પ્રતિવાદીનાં ક્રમાંક આઈ.સી.ડી.એસ./મકમ/ વશી ૧૨૪ થી ૨૧૭ નાં પત્રમાં જણાવેલ છે કે તા.૧૧/૦૧/૨૦૨૩ તથા તા.૩૧/૦૧/૨૦૨૩ નાં રોજ પોગ્રામ ઓફીસરશ્રીની મુલાકાત સમયે વાદી ફરજ ઉપર હાજર હતા અને વાદીએ નિભાવેલ ફરજની નોંધ રજી.માં કરવમા આવેલ હતી અને TRS તથા MMY નું વિતરણ સવારનો તથા બપોરનો નાસ્તો અને ફળનું વિતરણ નિયમિત કરવામા આવેલ હતુ અને તે અંગેના બીલો ખરીદ કર્યા બાબતોના મુકવામા આવેલ હતા અને તે અંગે વાદીએ કોઈ ખોટા બીલ મુકેલ ન હોવા છતા પ્રતિવાદીઓએ ગામની વિરોધપાર્ટીની રજુઆતો મુજબ તા.૭/૪/૨૩,૧૦/૪/૨૩, ૧૩/૪/૨૩,૧૫/૪/૨૩,૨૨/૪/૨૩ તથા તા.૨૯/૪/૨૩ ના રોજ કેન્દ્ર ચાલુ હોવા છતા અને તે અંગેનો પુરાવો રેકર્ડમાં હોવા છતા અને વાદીઓએ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવેલ હોવા છતા ખોટા આક્ષેપો કરી જણાવેલ કે સદર કેન્દ્ર ઉપર જણાવેલ તારીખોમાં બંધ હોય અને આઈ.સી.ડી.એસ.નો એક પણ સેવાનો લાભ લાભાર્થીઓને આપવામા આવેલ નથી તેમ છતા પણ સદર તારીખોના બીલની કોઈ ચુકવણી પ્રતિવાદીઓની કચેરી તરફથી કરવામા આવેલ નથી તેમ છતા ગેરકાયદેસર ગેરબંધારણીય એકતરફી કાર્યવાહી કરી વાદીની સેવા સમાપ્તિનો હુકમ પ્રતિવાદીઓ ધ્વારા કરવામા આવેલ છે. પ્રતિવાદીઓ તરફથી આપવામા આવેલ નોટીશનો વિગતે જવાબ તથા ખુલાસો વાદી તરફથી કરવામા આવેલ છે.તેમ છતા વાદીઓની નિમણુક તેમના હોદા ઉપર કરેલ નથી.

વાદીએ પ્રતિવાદીઓને નોટીશ આપેલ હોવા છતા તેનો કોઈ જવાબ પ્રતિવાદી તરફથી આપવામા આવેલ નથી.વાદીના હોદા અંગે આખરી નિર્ણય થયેલ ન હોવા છતા પ્રતિવાદીઓ વાદીના હોદાની જગ્યા ઉપર અન્ય વ્યકિતઓને નિમણુક આપવા

બાબતે કાર્યવાહી કરી રહેલ હોવાની હકીકત જાણવા મળેલ છે જેથી જો તાત્કાલીક ન્યાય ન મળે તો વાદીને કાયમી નુકશાન થાય તેમ છે.જેથી વાદીને હાલનો દાવો તથા હાલની અરજી દાખલ કરેલ છે.વધુમાં વાદીએ રજુઆત કરતા જણાવેલ છે કે, વાદીનો પ્રાઈમાફેસી કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે. જો માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈહુકમ આપવામાં ન આવે તો વાદીને નાણામાં ન આંકી શકાય તેવુ નુકશાન થાય તેમ છે અને જો મનાઈહુકમ આપવામાં આવે તો પ્રતિવાદીને કાંઈ જ નુકશાન થાય તેમ નથી.

(૨) <u>વાદીએ હાલની અરજી લાવી એવી દાદ માંગેલ છે કે,</u>

*પ્રતિવાદીઓ વાદી નં.૧ ને આંગણવાડી કાર્યકર તરીકે તથા વાદી નં.ર ને આંગણવાડી તેડાઘર તરીકે પુન:સ્થાપિત કરી આપે તેવો દાવા દરમ્યાનનો કામચલાઉ મનાઈહુકમ ફરમાવશોજી તથા દાવાનો નિર્ણય ન આવે ત્યાં સુધી પ્રતિવાદીઓ વાદીના હોદા ઉપર અન્ય કોઈપણ વ્યકિતની નિમણુક ન કરે તેવો દાવા દરમ્યાનનો કામચલાઉ મનાઈહુકમ ફરમાવશોજી તેમજ અરજીનો ખર્ચ તથા નામ.કોર્ટને યોગ્ય લાગે તે અન્ય દાદ અપાવવા વિનંતી કરેલ છે.*

(૩) વાદીની અરજી પરથી પ્રતિવાદીને સમન્સ નોટીસ ઈસ્યુ કરવામાં આવતા અને તે ધોરણસર બજી જતા પ્રતિવાદી તેઓનાં વિ.વકીલશ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થયેલા અને સદર કામે આંક–૧૫ થી પોતાનો જવાબ રજુ કરી વાદીની અરજીની હકીકતોનો મહદ અંશે ઈન્કાર કરી તેમા મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,વાદીઓની માનદસેવા તરીકે નિમણુક કરવામા આવેલ હતી જેથી વાદીઓ પ્રતિવાદીઓની કચેરીના કાયમી કર્મચારી ન હતા.આમ વાદીઓ પાસેથી માત્ર માનદ સેવાઓ લેવામા આવતી હતી.તેમજ સર્વિસના કરારના આધારે વાદીઓની નિમણુક કરવામા આવેલ હતી અને ત્યારબાદ વાદીઓએ ગેરવર્તણુક તથા ગેરરીતિ કરેલ હોય તેમજ વાદીઓની નબળી કામગીરી હોય તેમ છતા વાદીઓને તેમની કામગીરીમા સુધારો કરવા તેમજ કાયદા મુજબની પુરતી તક આપવા છતા વાદીઓની કામગીરીમાં સુધારો નહી થતા તેમજ વાદીઓ વારંવાર ગેરરીતિ કરતા હોય અને જેની સીધી અસર ગામડાઓના લાભાર્થીઓના આરોગ્ય અને પોષણ ઉપર પડતી હોય

જેથી વાદીઓને વખતોવખત નોટીશો આપવામા આવેલ તથા રૂબરૂ તપાસ પણ કરવામા આવેલ.તેમ છતા વાદીઓની કામગીરીમાં કોઈ સુધારો થયેલ નહી અને વાદીઓએ તેમની કામગીરીમાં ગેરરીતિ અને ગેરવર્તણુક કરેલ હોય અને તેમ વાદીઓએ તેમના કાર્યો અને ફરજો પ્રત્યે પુર્ણત: બેદરકારીભર્યુ વર્તન દાખવેલ હોય જેથી વાદીઓને તા.૦૧/૦૫/૨૦૨૩ ના રોજ છુટા કરેલ છે.વાદીઓએ લેબર કોર્ટમાં અરજી દાખલ કરવી પડે જેથી વાદીના દાવાને હકુમતનો બાધ નડે છે.

વધુમાં જણાવેલ છે કે વાદીઓએ તેમની ફરજ પ્રત્યે બેદરકારી અને નિષ્કાળજી દાખવતા વાદીઓની માનદસેવાને સમાપ્ત કરવામા આવેલ છે.વાદીઓને સાંભળવાની પુરતી અને વ્યાજબી તક આપવામા આવેલ છે.વાદીઓ વિરૂધ્ધ પ્રતિવાદીઓને અવારનવાર ફરીયાદ આવતી હતી.જેથી પ્રતિવાદીઓ ધ્વારા વખતોવખત વાદીઓની આંગણવાડી કેન્દ્રની આકસ્મિક મુલાકાત પણ કરવામા આવેલ અને દરેક મુલાકાત સમયે વાદીઓની આંગણવાડી ખોલવાના સમયમાં,વાદીઓની હાજરીમાં,રજી.નિભાવવામાં, લાભાર્થીઓ ને નાસ્તો તથા ભોજન આપવામા તથા લાભાર્થીઓને અપાતા ન્યુટ્રીશન જેવા કે દુધ,શકિત વર્ધક પેકેટ વિગેરે વિતરણમાં વિગેરે ઘણી બધી બાબતોમાં વાદીઓની નિષ્કાળજી, બેદરકારી અને ગેરરીતિ જણાય આવેલ હતી.અને જે બાબતે વાદીઓને વખતોવખત નોટીશો પણ આપવામા આવેલી જેનો વાદીઓએ યોગ્ય ખુલાસો કરેલ ન હોય જેથી ખુલાસા ગ્રાહય રાખવામા આવેલ નહી.તેમજ વાદીઓએ લાભાર્થીઓને પુરેપુરા લાભો પહોંચાડેલ ન હોવા છતા સરકારી ચોપડે પુરેપુરા લાભો લાભાર્થીઓને પહોંચાડેલ છે તેવી ખોટી નોંધો તથા શેરાઓ કરી સરકારશ્રીના લાભો લાભાર્થીઓને આપેલ નથી અને તે પ્રકારે ગેરરીતિ આચરેલ છે અને ફરજમાં બેદરકારી દાખવેલ છે.વાદીઓને પોતાની કામગીરીમાં સુધારો કરવા પુરતી તક આપવામા આવેલ હોવા છતા વાદીઓ તેમની ફરજ પ્રત્યે બેદરકાર રહેલા હોય જેથી વાદીઓને તેમની માનદ સેવામાંથી છુટા કરવામા આવેલ છે.

વધુમાં જણાવે છે કે પ્રતિવાદીઓએ વાદીઓના આંગણવાડી કેન્દ્રમાં તા.૨૮/૦૬/૨૦૨૨, તા.૧૧/૦૧/૨૦૨૩ તથા તા.૨૩/૦૧/૨૦૨૩ ના રોજ આકસ્મિક

મુલાકાત લીધેલ હતી જેમા અનેક ક્ષતિઓ જણાય આવેલ હતી.જેની વિગતવાર માહીતી પ્રતિવાદીઓએ તેમના જવાબમા જણાવેલ છે.આમ વારંવાર રૂબરૂ મુલાકાત બાદ પણ વાદીઓને તેમની ફરજ પ્રત્યે બેદરકારી અને નિષ્કાળજી દાખવેલ છે. વાદીઓને નિમણુક આપતો જે હુકમ કરવામા આવેલ છે તેમા સ્પષ્ટપણે જણાવેલ છેકે ''આંગણવાડી કાર્યકર તરીકે તમારી માનદસેવા સંતોષકારક નહી જણાય તો કોઈપણ જાતની નોટીશ આપ્યા વિના માનદસેવામાંથી મુકત કરવામા આવશે.''આમ વાદીઓની માનદસેવા સંતોષકારક ન હોવાથી વાદીઓને પુરતી બચાવની તક આપ્યા બાદ તેઓની સેવા સમાપ્તિનો હુકમ કરવામા આવેલ છે.આમ વિગેરે વિગતવાર હકીકતો જણાવી વાદીનો દાવો તથા હાલની અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૪) ત્યારબાદ વાદીઓ તરફે આંક–૧૭ તથા આંક–૧૮ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરવામાં આવેલ છે. જેમા વાદીઓ તેમની દાવા અરજીમાં જણાવેલ હકીકતોને વળગી રહેલ છે.જે કાઉન્ટર એફીડેવીટ રેકર્ડનો એક ભાગ હોય વંચાણે લેવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ સદર કામે વાદીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે અને પ્રતિવાદી પોતાની દલીલ રજુ કરવા નામ.કોર્ટ સમક્ષ હાજર નહી રહેતા તેમની દલીલનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૬) સદરહુ અરજી અનુસંધાને અમારા મતે નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:– **<u>મુ દા ઓ</u>** –:

<u>મુદ્દા નં.૧</u>:– શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

<u>મુદ્દા નં.ર</u>:– શું વાદી સાબીત કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેમની તરફેણમાં છે ?

<u>મુદ્દા નં.૩</u>:– શું વાદી સાબીત કરે છે કે, મનાઈ હુકમ ન આપવાથી નાણાંમાં ન આંકી શકાય તેવું નુકશાન વાદીને જશે ?

<u>મુદ્દા નં.૪</u>:– શું હુકમ ?

(૭) <u>ઉપરોકત મુદ્દાઓનાં અમારા નિર્ણય નીચે પ્રમાણે છે.</u>

<u>મુદ્દા નં.૧</u>:– નકાર

<u>મુદ્દા નં.ર</u>:– નકાર

<u>મુદ્દા નં.૩</u>:– નકાર

<u>મુદ્દા નં.૪</u>:– આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણય માટેનાં અમારા કારણો નીચે પ્રમાણે છે.

**::– <u>કા ર ણો</u> –::**

(૮) એ સર્વમાન્ય સિધ્ધાંત છે કે, કામચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે, અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યકિતએ કોર્ટ રૂબરૂ ચોખ્ખા હાથે આવવુ જોઈએ તથા રેકર્ડ પરથી ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓ માં સર્વ પ્રથમ વાદીએ રેકર્ડ પરથી સિધ્ધ કરવાનુ રહે છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે. પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર સિધ્ધ કરવાથી વાદી આપો આપ કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પરંતુ વાદી એ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સિધ્ધ કરવાની રહે છે કે સગવડતાની તુલા વાદી ની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો સામા પક્ષ કરતા વાદીને વધુ આર્થિક નુકસાન જાય તેમ છે અને તે નુકસાન નાણા માં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન છે. આ ઉપરાંત કોર્ટે પક્ષકારોની વર્તણુક તથા ડીલ અને લેચીસની હકિકતો પણ ઘ્યાને લેવાની રહે છે. વધુમાં કોર્ટે કામચલાઉ મનાઈહુકમની અરજી નકકી કરતી વખતે એ હકિકત પણ ઘ્યાને લેવાની રહે છે કે, કામ ચલાઉ મનાઈહુકમની દાદનો મુખ્ય ઉદેશ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો છે એટલે કામ ચલાઉ મનાઈ હુકમની દાદનાં તબકકે આપવામાં આવતી દાદ,દાવાની આખરી દાદના સ્વરૂપની ન હોવી જોઈએ, કારણ કે આખરી દાદ દાવાના અંતે આપી શકાય, અથવા ન પણ આપી શકાય. જયારે, પક્ષકારો પોત–પોતાના હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપિત કર્યા ના હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઈ જતો હોય

તેવી દાદ પણ આપી શકાય નહી. તેમજ મનાઈહુકમની અરજી નકકી કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે, પ્રતિવાદીને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબ જ ગંભીર બાબત છે અને મનાઈહુકમનો કોઈ નિર્ણય કરતા પહેલા, અન્ય પક્ષકારોને થનાર નુકસાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે. આ તમામ સંજોગોને ધ્યાને લઈ મનાઈહુકમ આપતી વખતે કોર્ટે તેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ ન્યાયિક રીતે કરવાનો છે. વધુમાં,મનાઈહુકમ એ કોઈ ધ્વારા કરવામાં આવતા કોઈ ચોકકસ કૃત્યને અટકાવવાનો હુકમ છે. વળી મનાઈહુકમ એ સમન્યાયીક દાદ છે.અગાઉ જણાવ્યા પ્રમાણે મનાઈહુકમ એ સમન્યાયી દાદ છે. વળી મનાઈહુકમ માંગનાર વ્યકિતએ અદાલતને સંતોષ થાય તે રીતે બતાવવું પડે કે,(૧) દાવામાં મહત્વના અને ગંભીર પ્રશ્નની ઈન્સાફી કાર્યવાહી થાય અને હકીકતોનો નિર્ણય થાય તેવી સંભાવના છે અને વાદી અને પક્ષકાર તેમાં સફળ થાય તેવી પુરી શકયતા છે. (૨) મનાઈહુકમ માંગનાર વ્યકિતનાં હકકોનાં રક્ષણ માટે કોર્ટનો હસ્તક્ષેપ કરવો જરૂરી છે. જેથી પોતાના હકકો પ્રસ્થાપિત કરવામાં સફળ થાય. (૩) જો મનાઈહુકમ માગનાર વ્યકિતને કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો, તે વ્યકિતને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ અસહય નુકસાન થવાની સંભાવના છે. વધુમાં કામચલાઉ મનાઈહુકમની માંગણી મંજુર કરવી કે તેનો ઈન્કાર કરવો તે કોર્ટની વિવેક બુધ્ધિ ઉપર આધાર રાખે છે અને જે તે કિસ્સાના સંજોગો અને હકીકત તથા મનાઈ હુકમથી થતી અનુકુળ અને પ્રતિકુળ અસરો ધ્યાને લઈ કોર્ટે પોતાની વિવેકબુધ્ધિ અનુસાર મનાઈ હુકમની અરજી ઉપર હુકમ કરવાનો રહે છે, અને તે ઉપરાંત કામચલાઉ મનાઈહુકમ મેળવવા વાદીએ પોતાનો પ્રથમ દર્શનિય કેસ તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ ઉપરાંત અને પોતાને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થાય તેમ છે તેવુ પણ બતાવવુ જરૂરી છે.

**<u>મુદ્દા નં.૧ થી ૩ અંગે</u>:–**

મુદા નં.૧ થી ૩ કાયદા તથા હકીકતોની દ્રષ્ટિએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય, ન્યાયનાં હિતમાં ત્રણેય મુદાઓની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

(૯) વાદી તરફે વિ.વ.શ્રી કે.જે.પંચાલ ધ્વારા એવી રજુઆત કરવામા આવેલ છે કે વાદીઓ આંગણવાડી કેન્દ્રમાં સંતોષકારક રીતે અને નિષ્ઠાપૂર્વક રીતે સને–૨૦૦૭ થી પોતાની ફરજ બજાવતા હતા. જે નિમણુકનો પત્ર વાદી તરફે સદર કામે માર્ક ૩/૧ થી ૩/૩ સુધી રજુ રાખવામા આવેલ છે.વાદીઓનું કામ નિયમિત અને સંતોષકારક હોવા છતા પ્રતિવાદીઓ ધ્વારા કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર અને રજુઆતની પુરતી તક આપ્યા સીવાય નોકરીમાં છુટા કરી દેવામાં આવેલ છે. જેથી વાદીઓએ તેમના એડવોકેટશ્રી મારફતે પ્રતિવાદીઓને નોટીશ પણ આપેલ. જે નોટીશ તથા નોટીશ કર્યાની વિન્ડો સ્લીપ તથા નોટીશ બજી ગયાની પોસ્ટની એકનોલેજમેન્ટ રીસીપ્ટ વાદી તરફે સદર કામે માર્ક ૩/૪ થી ૩/૮ સુધી રજુ કરવામા આવેલ છે.તેમ છતા પ્રતિવાદીઓ ધ્વારા નોટીશનો કોઈ જવાબ આપવામા આવેલ નથી અને વાદીઓને ફરી તેમની સેવામાં પુન: સ્થાપિત કરવામા આવેલ નથી.વધુમાં રજુઆત કરતા જણાવેલ છે કે વાદીઓ જે કામગીરી કરતા હતા તેની નોંધ જે તે રજી.માં કરવામા આવેલ છે અને જે તે સમયે તેની સામે કોઈ વાંધા લેવામા આવેલ હોય તેવી કોઈ હકીકત નિકળી આવેલ નથી.જેથી કયાં કારણોસર વાદીઓને તેમની નોકરીમાંથી છુટા કરવામા આવેલ છે તેવી કોઈ હકીકત પ્રતિવાદીઓએ બતાવેલ નથી.તેમજ હાલમાં પ્રતિવાદીઓએ વાદીઓના હોદા ઉપર નવી નિમણુકની જાહેરાત બહાર પાડેલ છેજેથી અન્ય કોઈ વ્યકિતઓને વાદીઓની જગ્યા ઉપર નિમણુક આપવામા આવે તો વાદીઓને પારાવાર નુકશાન થાય તેમ છે. જેથી વાદીઓને માંગ્યા મુજબની દાદ અપાવી હાલની અરજી ખર્ચ સહિત મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૧૦) સાંભળ્યા.અરજી તથા રેકર્ડ વંચાણે લીધું. ઉપરોકત રજુઆત તથા કેસ રેકર્ડ ધ્યાને લેતા સદર કામે વાદી તરફે એવી દાદ માંગવામાં આવેલ છે કે પ્રતિવાદીઓ દાવો ચાલતા દરમ્યાન તેમના હોદા ઉપર અન્ય કોઈ નિમણુક કરે કરાવે નહી.વાદી તરફે એવી રજુઆત કરવામા આવેલ છે કે વાદીઓ આંગણવાડી કેન્દ્રમાં કાર્યકર તરીકે તથા તેડાઘર તરીકે નોકરી કરતા હતા અને વાદીઓને કોઈપણ જાતના વ્યાજબી કારણ સીવાય કે કોઈપણ નોટીશ આપ્યા સીવાય વાદીઓને તેમની નોકરીમાં છુટા કરી દેવામા આવેલ છે.

જયારે સદર કામે પ્રતિવાદીઓ તરફે વાદીના દાવાનો તથા હાલની અરજીનો જવાબ રજુ કરવામા આવેલ છે તેમા તેઓએ જણાવેલ છે કે વાદીઓ તેમની કચેરીના કાયમી કર્મચારી હતા નહી અને માત્ર માનદસેવા ઉપર તેમની નિમણુક કરવામા આવેલ હતી.તેમજ વાદીઓ તેમની કચેરીમાં ખોટા બીલો મુકતા હતા તેમજ ફરજ પ્રત્યે સતત બેદરકાર રહેતા હતા અને ફરજમાં નિષ્કાળજી દાખવતા હતા અને જેથી વાદીઓનુ કામ સંતોષકારક નહી જણાતા અને વાદીઓને તેમની કામગીરીમા સુધારો કરવાની પુરતી તક આપવામા આવેલ હોવા છતા વાદીઓ ફરજ પ્રત્યે બેદરકારી અને નિષ્કાળજી દાખવતા તેમણે તેમની માનદ સેવામાંથી છુટા કરવામા આવેલ છે તેવી હકીકત જણાવેલ છે.સદર કામે વાદી તરફે માર્ક ૩/૧ થી ૩/૩ સુધી તેમની નિમણુકનાં પત્રો રજુ રાખવામા આવેલ છે, તેમજ વાદીઓએ પ્રતિવાદીઓને આપેલ નોટીશ તથા નોટીશ કર્યાની વિન્ડો સ્લીપ તથા નોટીશ બજી ગયાની પોસ્ટની એકનોલેજમેન્ટ રીસીપ્ટ માર્ક ૩/૪ થી ૩/૮ સુધી રજુ કરવામા આવેલ છે.જે માર્ક ૩/૧ થી ૩/૩ ના દસ્તાવેજો વંચાણે લેતાં વાદીઓની નિમણુક માત્ર માનદસેવા તરીકેની છે.જેમા સ્પષ્ટપણે એવો ઉલ્લેખ કરવામા આવેલ છે કે,માનદસેવા સંતોષકારક જણાશે નહી તો કોઈપણ જાતની નોટીશ આપ્યા વિના માનદસેવામાંથી મુકત કરવામા આવશે.આ કામે વાદીઓની એવી રજુઆત છે કે  તેઓ સંતોષકારક રીતે તેમની ફરજ બજાવતા હતા પરંતુ તે દર્શાવતો કોઈ આધાર પુરાવો સદર કામે વાદીઓ તરફે રજુ કરવામા આવેલ નથી. અને વાદીઓ સંતોષકારક સેવા બજાવતા હતા કે કેમ તે પુરાવો લીધા સીવાય હાલનાં તબકકે નકકી થઈ શકે તેમ નથી.આમ વાદીઓની તેવી રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી. જયારે પ્રતિવાદીની એવી રજુઆત છે કે વાદીઓ તેમના કાયમી કર્મચારી હતા નહી અને માત્ર માનદ સેવા તરીકે તેઓની નિમણુક કરવામા આવેલ હતી.સદર કામે માર્ક ૩/૧ થી ૩/૩ સુધીનાં જે નિમણુકપત્ર રજુ થયેલ છે તેમાં માનદસેવા તરીકે નિમણુક આપેલાનો ઉલ્લેખ છે અને કામગીરી સંતોષકારક નહી જણાય તો નોટીશ વગર છુટા કરી દેવાની શરતનો ઉલ્લેખ થયેલ છે.આમ નિમણુક પત્રમાં આવી સ્પષ્ટ જોગવાઈ કરવામા આવેલ હોય ત્યારે અને તેવા સંજોગોમાં વાદીઓ કાયમી કર્મચારી તરીકેનો હકક દાવો કરી શકે નહી.

વધુમાં વાદીની એવી રજુઆત છે કે પ્રતિવાદીઓ તેમની જગ્યા ઉપર નવી નિમણુક કરી રહેલ છે.પરંતુ પ્રતિવાદીઓ નવી નિમણુકની કાર્યવાહી કરી રહેલ છે તે દર્શાવતો કોઈ આધાર પુરાવો સદર કામે વાદી તરફે રજુ કરવામા આવેલ નથી.દલીલ ખાતર માની લેવામાં આવે કે પ્રતિવાદીઓ વાદીઓની જગ્યા ઉપર નવી નિમણુક કરવાની કાર્યવાહી કરી રહેલ છે તો પણ જયારે કોઈપણ સક્ષમ સતાધિકારી તેઓને મળેલ સત્તાની રૂએ નવી નિમણુકની કાર્યવાહી કરતા હોય ત્યારે તેઓની કાર્યવાહી ગેરકાયદેસરની અને ગેરબંધારણીય છે તેવુ પુરવાર ન થાય ત્યાં સુધી તેઓને તેમની કાયદેસરની ફરજ અદા કરતા અટકાવી શકાય નહી.આ કામે વાદી એવી હકીકત બતાવી શકેલ નથી કે પ્રતિવાદીઓ ગેરકાયદેસર રીતે નિમણુક કરી રહેલ છે.ત્યારે અને તેવા સંજોગોમાં વાદીની જે રજુઆત છે કે નવી નિમણુક ઉપર રોક લગાવવી જોઈએ તેવી વાદીની રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી. આમ વાદીનો કોઈ પ્ર થમ દર્શનીય કેસ જણાતો નથી.વાદીઓને છેલ્લા ઘણા સમયથી તેમની સેવામાંથી છુટા કરવામા આવેલા છે.જેથી જો વાદીને માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ન આવે તો વાદીને કોઈ અગવડ પડે તેમ નથી.જયારે વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પોતાની તરફેણમાં હોવાનું બતાવી શકતા ન હોય તેમજ વાદી જયારે કાયમી કર્મચારી ન હોય અને માત્ર માનદસેવા આપતા હોય ત્યારે અને તેવા સંજોગોમાં વાદીને માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામા ન આવે તો વાદીને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ કોઈ નુકશાન થાય તેમ નથી. તેવા સંજોગોમાં વાદીએ હાલની અરજીમાં માંગેલ દાદ વાદીને અપાવી શકાય નહી.આમ વાદીનો કોઈ જ પ્રથમ દર્શનીય કેસ નથી તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં નથી તેમજ વાદીને નાણાકીય ભરપાઈ થઈ શકે નહી તેવુ કોઈ નુકશાન થાય તેમ નથી.આમ વાદીએ પોતાનો પ્રથમ દર્શનીય કેસ મજબુત રીતે સાબિત કરવો જોઈએ તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેમની તરફેણમાં છે તે પણ મજબુત રીતે સાબિત કરવુ જોઈએ. હાલના કેસમાં વાદીને જો મનાઈહુકમ ન આપવામાં આવે તો વાદીને કોઈપણ પ્રકારનું નુકશાન થશે નહી તેવું આ અદાલતનું માનવુ હોય,

તેવા સંજોગોમાં ન્યાયનાં વિશાળ હિતમાં મુદા નં.૧ થી ૩ નો જવાબ''નકાર''માં આપી મુદા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**:– <u>હુ ક મ</u> –:**

– આ કામનાં વાદીઓની હાલની આંક–૫ ની દાવો ચાલતા દરમ્યાન વચગાળાનો મનાઈ હુકમ મળવાની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

– અરજીનો ખર્ચ દાવાનાં આખરીહુકમને અનુસરશે.

આ હુકમ આજ તારીખ ૦૨ જી,માહે–ફેબ્રુઆરી,સને–૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલત માં સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

રાજપીપળા
તા.૦૨/૦૨/૨૦૨૪

(**જનક દેવજીભાઈ સોલંકી**)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
નર્મદા મુ.રાજપીપળા.
જજ કોડ નં. જીજે ૦૦૯૭૯